# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ૩-, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

Phone No: (0261) 2662902, Email:*suratdeo@gmail.com*, Web –*suratdeo.org*

જા.ક્ર.- મા-૧/૨૦૨૫/1402-1404

તા.૦૭/૦૨/૨૦૨૫
10

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ. સુરત

**વિષય :** ધોરણ-૧૦ અને ૧૨ જાહેર પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ મા ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓને એસ.ટી. બસની સુવિધા બાબત.

સંદર્ભ: વિભાગીય કચેરી, એસ. ટી. અડાજણ બસપોર્ટ, સુરતના તા.૨૭/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક: વિનિ./સુરત/પરિ/જનરલ/૩૯.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની મુખ્ય પરીક્ષાઓ તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમિયાન અત્રેના જિલ્લામાં વિવિધ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

ઉક્ત પરીક્ષામાં અંતરિયાળ ગ્રામ્ય વિસતારમાંથી શહેર કે અન્ય દુરના પરીક્ષા સ્થળે પરીક્ષા આપવા જનાર વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન સમયસર પહોચી શકે તે હેતુથી આપની શાળાના વિદ્યાર્થીઓની પરીક્ષા સ્થળ સહિતની યાદી નજીકના એસ.ટી. બસ ડેપો મેનેજરશ્રીને હોલ ટિકિટ ઇસ્યુ થયા બાદ આપવી.જેથી પરીક્ષા સમય દરમિયાન એસ.ટી. બસનું યોગ્ય વ્યવસ્થાપન કરી શકે. તેમજ જ્યાં જરૂર જણાય તેવા સ્થળો માટે અલગથી બસ સુવિધાની જરૂરત હોય તો નજીકના એસ.ટી. બસ ડેપો મેનેજરશ્રીને લેખિતમાં વિગતવાર રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

<u>નકલ રવાના જાણ સારૂં:</u>

ઝોનલ અધિકારીશ્રી તમામ

<u>નકલ સવિનય રવાના:</u>

વિભાગીય પરિવહન અધિકારીશ્રી, વિભાગીય કચેરી, એસ.ટી. અડાજણ બસ પોર્ટ, સુરત